જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત મ.ભો.યો.ના સંચાલન માટે ઉભી
કરેલ નાયબ મામલતદાર વર્ગ-૩ની હંગામી એક જગ્યા સને.૨૦૧૭-૧૮
ના વર્ષમાં ચાલુ રાખવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૨/૮૬૮ /૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૧/૨૦૧૭

**વંચાણે લીધા:-**

**(૧)** શિક્ષણ વિભાગનો તા.૦૯ /૦૧/૧૯૯૨નો ઠરાવ ક્રમાંક: મભય/૧૩૯૦/૧૫૪૨(૯૧)ક.

**(૨)** શિક્ષણ વિભાગનો તા.૧૨ /૦૫/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૫/૧૧/૨૦૧૬ નો પત્ર ક્રમાંક: મભય/મકમ/ક/૨૦૧૬/૨૦૬૪૮.

ઠરાવ –

સંદર્ભ-(૨) ના સરખા ક્રમાંકના તા.૧૨/૫/૧૬ના ઠરાવથી સને ૨૦૧૬-૧૭માં નવી બાબતથી જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મ.ભો.યો.સંચાલન માટે નાયબ મામલતદાર વર્ગ-૩ની એક જગ્યા ઉભી કરવા માટે માંગણી નં.૯ સદરે રુ.૬.૫૦ લાખની થયેલ બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૩)ના કમિશ્નરશ્રી, મ.ભો.યો.પત્રથી જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મ.ભો.યો.નું સંચાલન કરવા માટે ઉભી કરવામાં આવેલ નાયબ મામલતદાર વર્ગ- ૩ની હંગામી એક જગ્યા સને.૨૦૧૭-૧૮ના વર્ષમાં ચાલુ રાખવાની મંજૂરી આપવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે.

૨/ પુખ્ત વિચારણાના અંતે જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મ.ભો.યો.નું સંચાલન કરવા માટે ઉભી કરવામાં આવેલ નાયબ મામલતદાર વર્ગ- ૩ની હંગામી એક જગ્યા સને.૨૦૧૭-૧૮ ના વર્ષમાં એટલે કે તા.૨૮-૨-૨૦૧૮ સુધી ચાલુ રાખવાની નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો-**

(૧) જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મ.ભો.યો.નું સંચાલન કરવા માટે ઉભી કરવામાં આવેલ નાયબ મામલતદાર વર્ગ- ૩ની હંગામી જગ્યા આગામી વર્ષમાં ચાલુ રાખવા સમયસર દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે. (બિન આદિજાતી)

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી,(શિ.)ની તા.૧૭/૦૧/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.ગુજરાત સરકાર

**પ્રતિ,**

**--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.**

**--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.**

**-- અ.મુ. સચિવશ્રી (શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.**

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ, (ઓડિટ)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
--કલેકટરશ્રી, સેવા સદન, જુનાગઢ
-- કમિશ્નરશ્રી,મહાનગરપાલિકા, જુનાગઢ
--જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જુનાગઢ
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.